પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૮ | ૨ માર્ચ, ૨૦૨૨, બુધવાર; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કીવ-ખાર્કિવ પર રશિયાની ઘેરાબંધી

**રશિયાના હુમલામાં ૫૩૬નાં મોત : રશિયાના કીવ પર કબજા માટે સતત હુમલા જારી : રશિયન સૈનિકોએ કિવ, ખાર્કિવ અને દક્ષિણ બંદર શહેર માર્યુપોલમાં બોમ્બ ધડાકા કર્યા, યુક્રેનિયન સૈન્યએ રાજધાનીની આસપાસ રશિયન લશ્કરી વિમાનોને તોડી પાડ્યા**

ખારકીવ,તા.૨

યુક્રેન પર રશિયાના હુમલાનો આજે છઠ્ઠો દિવસ છે. રશિયન સૈન્ય યુક્રેનના ઘણા શહેરોમાં બોમ્બમારો કરી રહ્યું છે અને શેરીઓમાં ગોળીબાર કરી રહ્યું છે.

દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિના સલાહકાર, ઓલેકસી એરેસ્ટોવિચે જણાવ્યું હતું કે રશિયન દળો કિવ અને યુક્રેનના બીજા સૌથી મોટા ઉત્તરપૂર્વીય શહેર ખાર્કિવને ઘેરી લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એરેસ્ટોવિચે એક ટેલિવિઝન બ્રીફિંગમાં જણાવ્યું હતું કે રશિયન સૈનિકોએ કિવ, ખાર્કિવ અને દક્ષિણ બંદર શહેર માર્યુપોલમાં રાતોરાત બોમ્બ ધડાકા કર્યા હતા. જવાબમાં, યુક્રેનિયન સૈન્યએ રાજધાનીની આસપાસ રશિયન લશ્કરી વિમાનોને તોડી પાડ્યા. એરેસ્ટોવિચે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ નિયંત્રણમાં છે. સંયુક્ત રાષ્ટ્રએ મંગળવારે જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું ત્યારથી ૧૩ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૩૬ નાગરિકો માર્યા ગયા છે અને ૪૦૦ ઘાયલ થયા છે. યુએન હ્યુમન રાઈટ્સ ઓફિસના પ્રવક્તા લિઝ થ્રોસેલે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે આ સંખ્યા વધુ હોવાની શક્યતા છે. જાનહાનિમાં, ૨૫૩ પૂર્વી યુક્રેનના ડોનેટ્સક અને લુગાન્સ્ક પ્રદેશોના લોકોનો સમાવેશ થાય છે.

અમેરિકાએ સોમવારે ૧૨ રશિયન રાજદ્વારીઓને જાસૂસી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ દેશમાંથી હાંકી કાઢ્યા હતા. યુએનમાં યુએસ એમ્બેસેડરના પ્રવક્તા ઓલિવિયા ડાલ્ટને કહ્યું: યુએસએ રશિયન મિશનને જાણ કરી છે કે અમે રશિયન મિશનમાંથી ૧૨ ઈન્ટેલિજન્સ ઓપરેટિવ્સને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી રહ્યા છીએ જેમણે યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમના નિવાસના વિશેષાધિકારોનો દુરુપયોગ કર્યો હતો. જે આપણી રાષ્ટ્રીય સુરક્ષા વિરુદ્ધ છે. ખાર્કિવના સેન્ટ્રલ સ્ક્વેરમાં પ્રાદેશિક રાજ્ય વહીવટીતંત્રની ઈમારતને રશિયન સૈન્ય દ્વારા ઉડાવી દેવામાં આવી છે. નવીનતમ માહિતી અનુસાર, આ હુમલામાં ૧ બાળક સહિત ૬ લોકો ઘાયલ થયા છે.





Tyler Hicks/New York Times/Redux/Eyevine

## ખાર્કિવમાં રશિયન સેનાના ગોળીબારમાં ભારતીય વિદ્યાર્થીનું મોત

**એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા કર્ણાટકના હાવેરી જિલ્લાનો વિદ્યાર્થી નવીન શેખરપ્પા નજીકની દુકાનમાં કંઈક લેવા ગયો અને રશિયાની સેનાની ગોળીએ વિંધાયો**

નવી દિલ્હી,તા.૨

યુક્રેન પર રશિયાના હુમલાનો આજે છઠ્ઠો દિવસ છે. રશિયન સેનાએ યુક્રેનના ઘણા વિસ્તારોમાં હુમલા તેજ કર્યા છે. રશિયન હુમલામાં ઘણા યુક્રેનિયનોએ જીવ ગુમાવ્યા છે. બીજી તરફ રશિયન સેનાના ગોળીબારમાં એક ભારતીય વિદ્યાર્થીનું પણ મોત થયું છે. વિદેશ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે મંગળવારે સવારે યુક્રેનના ખાર્કિવમાં ગોળીબારમાં એક ભારતીય વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હતો. એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા કર્ણાટકના હાવેરી જિલ્લાના વિદ્યાર્થી નવીન શેખરપ્પાનું અવસાન થયું.વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ





બાગચીએ કહ્યું કે અમે પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. વિદેશ મંત્રાલય મૃતક વિદ્યાર્થીના પરિવારના સંપર્કમાં છે.

બાગચીએ કહ્યું કે વિદેશ સચિવ ફરીથી રશિયા અને યુક્રેનના રાજદૂતો પાસેથી ભારતીય નાગરિકો માટે તાત્કાલિક સલામત માર્ગની માગ કરી રહ્યા છે. જેઓ હજુ પણ ખાર્કિવ અને અન્ય સંઘર્ષ ઝોનમાં છે. રશિયા અને યુક્રેનમાં અમારા રાજદૂતો દ્વારા પણ આવી જ કાર્યવાહી કરવામાં આવી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતુંલ્કર્ણાટકના મુખ્યમંત્રી કાર્યાલયે જણાવ્યું કે હાવેરીના વિદ્યાર્થી નવીન શેખરપ્પાનું યુક્રેનમાં મૃત્યુ થયું છે. સીએમ બોમાઈએ મૃતક નવીનના પિતા સાથે વાત કરી અને તેમને સાંત્વના

## રશિયન ઓઈલની આયાત પર કેનેડાએ પ્રતિબંધ મૂકી દીધો

**કેનેડા દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય એ નીતિનો એક ભાગ છે જેના હેઠળ યુક્રેન પર હુમલો કરવા બદલ રશિયા પર વિવિધ પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે**

નવી દિલ્હી,તા.૨

કેનેડાએ રશિયન તેલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ રશિયન તેલની આયાત પર પ્રતિબંધની જાહેરાત કરી છે. એક સમાચાર એજન્સીએ તેની જાણકારી આપી છે તેના અનુસાર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડ્રોએ રશિયન તેલની આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેનેડા દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય એ નીતિનો એક ભાગ છે જેના હેઠળ યુક્રેન પર હુમલો કરવા બદલ રશિયા પર વિવિધ પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે. તમામ પશ્ચિમી અને યુરોપિયન દેશો આ કરી રહ્યા છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી પણ સતત અન્ય દેશોને રશિયા પર પ્રતિબંધો લાદવાની અપીલ કરી રહ્યા છે. "ઝેલેન્સકીએ રશિયાના તમામ વૈશ્વિક એરપોર્ટ અને બંદરો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે." આ સિવાય તેમણે રશિયન મિસાઈલો, એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર માટે નો-ફ્લાય ઝોનની પણ અપીલ કરી હતી.

એક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે, ખાર્કિવ બોમ્બ વિસ્ફોટ પછી રશિયન મિસાઈલો, વિમાનો અને હેલિકોપ્ટર માટે નો-ફ્લાય ઝોન પર વિચાર કરવાનો સમય આવી ગયો છે. એક ન્યૂઝ એજન્સી અનુસાર ઝેલેન્સકીના જણાવ્યા પ્રમાણે રશિયાએ પાંચ દિવસમાં ૫૬ રોકેટ હુમલા કર્યા છે અને ૧૧૩ ક્રૂઝ મિસાઈલ છોડી છે.

યુક્રેને રશિયન આક્રમણને બીજા વિશ્વ યુદ્ધ પછીનું સૌથી મોટુ આક્રમણ ગણાવ્યું છે. યૂએનએસીમાં યૂક્રેને કહ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર

## કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૦૫ રૂપિયાનો જંગી વધારો થયો

**હાલ ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૨ ડોલર પ્રતિ બેરલ પાર ગયા : ૬ ઓક્ટોબર ૨૦૨૧ બાદ ઘરેલુ એલપીજી સિલિન્ડર ન તો સસ્તો થયો છે કે ન તો મોંઘો, એટલે કે ઘરેલુ સિલિન્ડરના ભાવમાં હાલ પૂરતો કોઈ ફેરફાર થયો નથી**

નવી દિલ્હી,તા.૧

યુક્રેન રશિયા યુદ્ધ અને પેટ્રોલિયમ પેદાશોના વધતા ભાવ વચ્ચે આજે એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર થયા. સિલિન્ડરના ભાવમાં ૧૦૫ રૂપિયાનો જંગી વધારો થયો છે. આ વધારો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં થયો છે. આ વધારા સાથે દિલ્હીમાં આજે મંગળવારથી ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૨૦૧૨ રૂપિયા થશે. જ્યારે ૫ કિલોના સિલિન્ડરના ભાવમાં પણ ૨૭ રૂપિયાનો વધારો થયો છે. હવે દિલ્હીમાં ૫ કિલોના સિલિન્ડરનો ભાવ ૫૬૯ રૂપિયા થશે. હાલ ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૨ ડોલર પ્રતિ બેરલ પાર ગયા છે. આ જ કારણ છે કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સારો એવો ફેરફાર જોવા મળ્યો છે. અત્રે જણાવવાનું કે ઓક્ટોબર ૨૦૨૧થી એક ફેબ્રુઆરી ૨૦૨૨ વચ્ચે કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ૧૭૦ રૂપિયા વધ્યા છે. તમને જણાવીએ કે ૬ ઓક્ટોબર ૨૦૨૧ બાદ ઘરેલુ એલપીજી સિલિન્ડર ન તો સસ્તો થયો છે કે ન તો મોંઘો. એટલે કે ઘરેલુ સિલિન્ડરના ભાવમાં હાલ પૂરતો કોઈ ફેરફાર થયો નથી. દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એલપીજી સિલિન્ડરના ભાવમાં માસિક ફેરફાર થતા હોય છે. આ અગાઉ નેશનલ ઓઈલ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓએ ૧ ફેબ્રુઆરીના રોજ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૯૧.૫૦ રૂપિયાનો કાપ મૂક્યો હતો. આ વખતે પણ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ૧૯ કિલોવાળા એલપીજી સિલિન્ડર ૧ માર્ચ એટલે કે આજથી હવે દિલ્હીમાં ૧૯૦૭ રૂપિયાની જગ્યાએ ૨૦૧૨ રૂપિયામાં મળશે. કોલકાતામાં હવે ૧૯૮૭ની જગ્યાએ ૨૦૯૫ રૂપિયામાં મળશે. જ્યારે મુંબઈમાં તેની કિંમત ગવે ૧૮૫૭ રૂપિયાથી વધીને ૧૯૬૩ રૂપિયા થઈ ગઈ છે.

## અમેરિકાએ રશિયાના ૧૨ રાજનાયિકોને હાંકી કાઢ્યા

નવી દિલ્હી,તા.૧

રશિયા અને યુક્રેન વચ્ચે જંગ હવે છઠ્ઠા દિવસમાં પ્રવેશી ચૂકી છે. રશિયાની સેના યુક્રેનની રાજધાની કિવ પર બોમ્બ વરસાવી રહી છે જ્યારે ખારકિવમાં ભારે સંઘર્ષ ચાલુ છે. આ બધા વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે આ મામલે બેઠક બોલાવી છે. એક બાજુ યુદ્ધ ચાલુ છે જ્યારે બીજી બાજુ બંને દેશો વચ્ચે વાતચીત પણ શરૂ થઈ છે. આ બાજુ યુક્રેનને જંગમાં ધકેલનારા રશિયા વિરુદ્ધ સતત કાર્યવાહી ચાલુ છે. પ્રતિબંધો વચ્ચે અમેરિકાએ રશિયાના ૧૨ રાજનયિકોને નિષ્કાસિત કર્યા છે. યુએસએ તેની પાછળ બિન રાજનિયક ગતિવિધિઓનો હવાલો આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં રશિયા તરફથી સ્થાયી પ્રતિનિધિ વસીલી નેમ્બેજિયાએ જણાવ્યું કે અમેરિકાએ રશિયાના ૧૨ રાજનયિકોને નિષ્કાશિત કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકી મિશનના પ્રવક્તા ઓલિવિયા ડાલ્ટને ૧૨ રશિયન રાજનયિકોને નિષ્કાસિત કરવાના નિર્ણય પર કહ્યું કે અમે રશિયન મિશનથી તે ૧૨ લોકોને નિષ્કાશિત કરવાની પ્રક્રિયા શરૂ કરી રહ્યા છે જેમણે જાસૂસી ગતિવિધિઓમાં સંલિપ્ત રહીને અમેરિકામાં નિવાસના પોતાના વિશેષાધિકારોનો દુરઉપયોગ કર્યો છે. તેમણે કહ્યું કે જાસૂસી ગતિવિધિઓ અમારી રાષ્ટ્રીય સુરક્ષાને પ્રતિકૂળ છે. અમે આ કાર્યવાહી સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયની સમજૂતિ મુજબ કરી રહ્યા છીએ. આ કાર્યવાહી અનેક મહિનાઓથી ચાલુ છે.`દ્રચ્છના ૧૧માં ઈમરજન્સી સત્રમાં યુક્રેન પર યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી.એસ તિરુમૂર્તિએ કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## કીવની પાસે આવેલા વિસ્તારોમાં પણ હવે સળગતા મકાનો દેખાયા

**રશિયા-યુક્રેન વચ્ચે શાતિ મંત્રણા પડી ભાંગી : સ્પેસ ફર્મ મેક્સર ટેક્નોલોજીસ તરફથી તસવીરો સામે આવી છે**

નવી દિલ્હી,તા.૨

યુક્રેનની રાજધાની કીવ પર કબ્જો કરવા માટે રશિયા તરફથી હવે ખૂબ જ મોટો મિલિટ્રી કાફલો મોકલવામાં આવ્યો છે. યુક્રેન-રશિયા યુધ્ધનો આજે મંગળવારે લાંબો સૈન્ય કાફલો છે. આ પહેલા મોકલવામાં આવેલા રશિયન કાફલાની સાઈડ ૩ માઈલ સુધીની જ હતી. સ્પેસ ફર્મ મેક્સર ટેક્નોલોજીસતરફથી જે તસવીરો સામે આવી છે તે ડરાવનારી છે.



છઠ્ઠો દિવસ છે. આ દરમિયાન, જાણવા મળ્યું છે કે, રશિયાનો ૪૦ માઈલ (૬૪-કિમી) લાંબો કાફલો કિવ તરફ આગળ વધી રહ્યો છે. રશિયન હુમલા બાદ યુક્રેન મોકલવામાં આવેલો આ સૌથી કાફલાની સાથે કિવને અડીને આવેલા વિસ્તારોમાં સળગતા મકાનો પણ દેખાઈ રહ્યા છે. હાલમાં આ કાફલો કિવથી લગભગ ૪૫ કિમી ઉત્તર-પશ્ચિમમાં જોવા મળ્યો છે.

રશિયા-યુક્રેન વચ્ચે સોમવારે બેલારુસમાં વાતચીત થઈ હતી પરંતુ તેમાં કોઈ ઉકેલ આવ્યો નહોતો. યુક્રેન ઈચ્છે છે કે રશિયન સેના શક્ય તેટલી વહેલી તકે સમગ્ર યુક્રેનમાંથી હટી જાય. બંને દેશોના પ્રતિનિધિમંડળો વચ્ચે કેટલાક મુદ્દાઓ પર સમજૂતી થઈ છે. ટૂંક સમયમાં બીજા રાઉન્ડની બેઠક પણ થઈ શકે છે.

કાફલો સાઉથમાં એન્ટોનોવ એરપોર્ટવિસ્તારથી શરૂ થઈ રહ્યો છે અને તે નોર્થમાં પ્રેબ્રિક્સવિસ્તારમાં જઈને સમાપ્ત થાય છે. આ કાફલાની કુલ લંબાઈ લગભગ ૪૦ માઈલ છે. રશિયન કાફલામાં સેંકડો લશ્કરી વાહનો, ટેંક, આર્ટિલરી બંદૂકો વગેરે સામેલ છે. કિવ પહેલાના રસ્તામાં ઈવાનકીવવિસ્તારમાં કેટલાક ઘર

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં

પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **કાન્તાબેન રમણલાલ શાહ** (ઉંમર - ૯૨) નું તા. ૨૮-૦૨-૨૦૨૨ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**સદ્‌ગતનું બેસણું તા. ૦૨-૦૩-૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : મણીભુવન અતિથી ગૃહ, લીટલ ફલાવર સ્કુલ સામે, પાલડી, ભઠ્ઠા પાસે, અમદાવાદ**

**જીતેન્દ્ર રમણલાલ શાહ** | **અજીત રમણલાલ શાહ**
**ચિંતન જીતેન્દ્રભાઈ શાહ** | **તેજસ અજીતભાઈ શાહ**
**હેમલ જીતેન્દ્રભાઈ શાહ** | **કલ્પન અજીતભાઈ શાહ**

ફર્મ : AJIT ADS